# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

**અરવિંદભાઇ કે. ટાંક**

આસિસટંટ પ્રોફેસર, શ્રી એસ.આર. પટેલ બી.એડ્ કોલેજ, અણિતા,(કીમ)

Mo. 9825499199 Email:- drarvindtank@gmail.com

**ડૉ. પત્રલેખા એ. બારડ**

આચાર્યશ્રી, શ્રી એસ.આર. પટેલ બી.એડ્ કોલેજ, અણિતા,(કીમ)

Mo. 9825097190 Email:- barad.patralekha@gmail.com

શિક્ષણ એક એવું શક્તિશાળી સાધન છે, જેના વડે આપણે આખી દુનિયાને બદલી શકીએ છીએ. પ્રાચીન કાળથી શિક્ષણનું ઘણું મહત્વ રહ્યું છે. શિક્ષણની સાથે સાથે મૂલ્યાંકનને કેમ ભૂલી શકાય ? શિક્ષણ અને મૂલ્યાંકન એક સિક્કાની બે બાજુ જેવા છે. વિદ્યાર્થી માટે શિક્ષણ જેટલું અનિવાર્ય છે, તેટલુજ મૂલ્યાંકન પણ અનિવાર્ય છે. સરકારે મૂલ્યાંકની પ્રક્રિયામાં પણ ઘણા સુધારાઓ કર્યા છે. પ્રસ્તુત પેપર માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની ચર્ચા કરવામાં આવી છે. જે અંતર્ગત શાળાકીય સર્વગ્રાહી મૂલચાનકના હેતુઓ , પ્રકારો, પ્રવિધિ અને આ મૂલ્યાંકનમાં શિક્ષક–આચાર્યની ભૂમિકાની ચર્ચા કરવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાયુક્ત અભિવૃદ્ધિ માટે શિક્ષકોની ભૂમિકા ચાવીરૂપ રહી છે. G.C.E.R.T.,ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ ને વધારે ગુણવત્તાયુક્ત અને પરિણામદાયી બનાવવા માટે શાળા શિક્ષણ અને વર્ગ શિક્ષકો માટેની વિવિધ પ્રવૃતિઓના સશક્તિકરણને ખૂબજ મહત્વ આપ્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય ગુણવતાયુક્ત શિક્ષણમાં અગ્રેસર બની રહ્યું છે. ત્યારે પ્રાથમિક શાળાના તમામ બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે સમગ્ર રાજયનું પ્રાથમિક ધ્યેય છે. તે માટે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ અને G.C.E.R.T., ગાંધીનગર સતત કાર્યશીલ છે. પ્રાથમિક શિક્ષણના પરિપેક્ષમાં હાલના આ નૂતન યુગમાં બાળકોને સર્વગ્રાહી શિક્ષણ આપવું જોઈએ અને સમયાંતરે સર્વગ્રાહી મૂલ્યાંકન પણ થવું જોઈએ. ગુજરાતમાં હાલ પ્રાથમિક શિક્ષણમા સેમેસ્ટર પધ્ધતિ અમલમાં છે. તેમજ બાળકોનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પણ કરવામાં આવે છે .

RTE–2009 અંતર્ગત થયેલ જોગવાઈ તેમજ RTE–2009 એક્ટની કલમ – 21ના અમલીકરણ બાદ રાજયમાં ચાલતું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) ને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન તરીકે ઓળખવામાં આવ્યું. આ મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક, સામાજિક, બૌધ્ધિક અને શારીરિક એમ તમામ પ્રકારની નોંધ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં સહ–સામાજિક પ્રવૃતિઓના આધારે તેનામાં રહેલા ગુણ , વલણો, રસ અને ત્રુટિ વગેરે ની જાણકારીનો શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં સમાવેશ કરવામાં આવેલ છે.

**શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ**

શાળાકીય સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકનના હેતુઓ નીચે પ્રમાણે છે.

- વિવિધ વિષયોમાં નિશ્ચિત સમયે વિદ્યાર્થીઓમાં થયેલ પ્રગતિની જાણકારી મેળવવી.
- વિદ્યાર્થીઓના વ્યવહારમાં થયેલ પરિવર્તનની માહિતી મેળવવી.
- વિદ્યાર્થીઓની વ્યક્તિગત અને વિશેષ જરૂરિયાતોની જાણકારી મેળવવી.
- વિવિધ શૈક્ષણિક પધ્ધતિઓ અને પ્રવૃતિઓના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓની શીખવાની તરાહ માટેની યોજના તૈયાર કરવી.
- વિદ્યાર્થીઓના વિશિષ્ટ કૌશલ્યોની ઓળખ કરી તેના મહતમ વિકાસ માટે તેને પ્રોત્સાહન આપવું.
- વિદ્યાર્થીઓ માથી પરીક્ષાનો ડર દૂર કરી સ્વ–મૂલ્યાંકન માટે પ્રોત્સાહિત કરવા.
- દરેક વિધ્યાર્થિની શીખવાની શક્તિ અને ગતિને ઓળખી તેને પ્રોત્સાહન મળે તે માટે તેને માર્ગદર્શન આપવું.
- વિદ્યાર્થીઓમાં ગોખણપટ્ટીને સ્થાને સર્જનાત્મકતા નો વિકાસ થાય તે માટે યોગ્ય આયોજન કરવું.
- વર્ગખંડમાં શિક્ષણ પ્રક્રિયા દરમિયાન નિદાનાત્મક અને ઉપચરાત્મક શિક્ષણ વડે વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રક્રિયાને સુદઢ બનાવવી.

**શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યકતા**

- બાળકમાં માનસિક તણાવ ઘટાડવા માટે.
- બાળકના વ્યક્તિત્વના સમગ્ર પાસાઓની જાણકારી મેળવવા માટે.
- શિક્ષક દ્વારા અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં સર્જનાત્મકતા લાવવા માટે.
- બાળકોમાં ઉચ્ચ કક્ષા સ્તરની સમજ તેમજ કૌશલ્યો વિકસાવવા માટે.
- શિક્ષક દ્વારા બાળકની અધ્યયન મુશ્કેલીઓનું નિદાન કરી, ઉપચાર કરી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે.

**શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના પ્રકારો**

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન બે પ્રકારે કરવામાં આવે છે.

૧. શૈક્ષણિક મૂલ્યાંકન અને

૨. સહ–શૈક્ષણિક મૂલ્યાંકન.

શૈક્ષણિક મૂલ્યાંકન ત્રણ પ્રકારે કરવામાં આવે છે.

 ૧. રચનાત્મક મૂલ્યાંકન (F.A.)
 ૨. સત્રાંત મૂલ્યાંકન (S.A.)
 ૩. સ્વ–અધ્યયન કાર્યનું મૂલ્યાંકન

**સહ–શૈક્ષણિક મૂલ્યાંકન**

બાળકના માનસિક વિકાસ ઉપરાંત શારીરિક, સામાજિક, ભાવાત્મક જેવા ક્ષેત્રોનો તેમજ મૂલ્યોનો વિકાસ જાણવા માટે સહ–શૈક્ષણિક મૂલ્યાંકનની જરૂર પડે છે.

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત સહ–શૈક્ષણિક મૂલ્યાંકનમાં કુલ ૪ ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં,

ક્ષેત્ર–૧– વ્યક્તિગત અને સામાજિક ગુણો.

ક્ષેત્ર–૨– વિદ્યાર્થીના વલણો.

ક્ષેત્ર–૩– વિદ્યાર્થીના રસના ક્ષેત્રો.

ક્ષેત્ર–૪– સહ–શૈક્ષણિક પ્રવૃતિઓ અને કાર્યાનુભવ.

આ ચાર ક્ષેત્રોમાં બાળકોનો વિકાસ એ બાળકોના વ્યક્તિગત વિકાસમાં પ્રગતિ સૂચવે છે.

**રચનાત્મક મૂલ્યાંકન : (F.A.)**

Formative / Summative Evaluation શબ્દ સૌ પ્રથમ માઈકલ શ્રીવેન દ્વારા ૧૯૬૭માં આપવામાં આવ્યો. તેણે આ શબ્દ મૂલ્યાંકનના સંદર્ભમાં અસરકારક મૂલ્યાંકન કેવી રીતે થાય તે માટે આપેલો.

ત્યારબાદ ૧૯૬૮માં બેંઝામીન બ્લૂમ દ્વારા આ શબ્દનો ઉપયોગ લર્નિંગ ફોર માસ્ટરી નામના પુસ્તકમાં થયો.

વિદ્યાર્થીઓને શીખવવામાં આવેલ અભ્યાસક્રમના કોઈ ચોક્કસ એકમનું ભય વિનાનું અને પ્રોત્સાહક વાતાવરણમાં રચનાત્મક પધ્ધતિથી કરવામાં આવતું મૂલ્યાંકન એટલે રચનાત્મકમૂલ્યાંકન.

રચનાત્મક મૂલ્યાંકન એ વર્ગખંડ શિક્ષણ નો એક ભાગ છે. તેથી રચનાત્મક મૂલ્યાંકનનો મુખ્ય હેતુ અભ્યાસક્રમના કોઈ ચોક્કસ એકમનું શિક્ષણ કાર્ય કર્યા બાદ વિદ્યાર્થીઓને તે કેટલું સમજાયું? કેટલું શીખ્યા? કેવી રીતે શીખ્યા? તેમની શીખવાની ઝડપ કેટલી છે? તેઓને વિષયવસ્તુમાં ક્યાં મદદની જરૂર છે? તેનું નિદાન કરવાનું અને સંબંધિત એકમમાં નિશ્ચિત સ્તર સુધી વિદ્યાર્થીઓને લઈ જવા માટે કેટલી કચાશ રહી છે? તેનું મૂલ્યાંકન શિક્ષક સ્વયં કરે અને જરૂર જણાય તો ઉપચરાત્મક શીક્ષણ આપવા માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરે છે.

**રચનાતમ્ક મૂલ્યાંકનની પ્રવિધિઓ**

રચનાત્મક મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓ અધ્યાપનની અનિવાર્ય ક્ષમતા પ્રાપ્ત કરે તે જોવાનો છે. તેના દ્વારા બાળકમાં જે તે વિષયવસ્તુના મુદ્દા માટે કેવી સમજ કેળવાય છે, તેનું નિદાન થાય છે , તેની કચાશ કેટલી રહી ગઈ છે તે જાણવામાં આવે છે. વિદ્યાર્થી પોતે પોતાની ક્ષતિ શોધે, તે અંગેના તારણો તપાસે, શિક્ષકો પણ વિદ્યાર્થીઓનો Learning Gap જાણી તેને કેવા પ્રકારનું ઉપચારાત્મક શિક્ષણ આપવું જરૂરી છે. તેની પૂર્વ ભૂમિકા વિદ્યાર્થી, સહ–કાર્યકર, આચાર્ય અને જરૂર જણાતો વાલી સાથે સંપર્ક કરીને ચર્ચા દ્વારા નક્કી કરી શકાય. ઉપચારાત્મક શિક્ષણ આપ્યા બાદ વિદ્યાર્થીઓને નિશ્ચિત થયેલ શૈક્ષણિક સિધ્ધિના સ્તર સુધી વિદ્યાર્થીઓને પહોચડવાનો પ્રયત્ન થાય છે.

રચનાત્મક મૂલ્યાંકન દરમિયાન વિદ્યાર્થીઓની શક્તિઓને ઓળખવાનો પ્રયત્ન થાય છે. રચનાત્મક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓ રસથી જોડાય, તેમણે પરીક્ષાનો ભય ના

લાગે, એકમનો ભાર ન લાગે તેવા તદ્દન હળવા વાતાવરણમાં આ મૂલ્યાંકન કરવું જોઈએ. આવું વાતાવરણ સર્જવાની જવાબદારી શિક્ષકની છે . શિક્ષક મૌખિક સ્વરૂપે પ્રશ્નો પૂછીને, નાની કસોટી દ્વારા , ટૂંકા પ્રશ્નો પૂછીને , ક્રિયાત્મક કાર્ય કરાવીને , નકશા વાંચન, ચિત્રો ઓળખવા , ક્વિઝનું આયોજન, વર્ગીકરણ, ગૃહકાર્ય કે પ્રોજેકટ દ્વારા રચનાત્મક મૂલ્યાંકન કરી શકે છે.

**રચનાત્મક મૂલ્યાંકનમાં શિક્ષકની ભૂમિકા**

અભ્યાસક્રમના કોઈ ચોક્કસ મુદ્દામાં કરવામાં આવેલ શિક્ષણ કાર્યના અંતે જીવન જીવવા માટે જે ક્ષમતા, આવડતો અને કૌશલ્યો અનિવાર્ય છે. તે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં અભ્યાસ દરમિયાન જરૂરી ક્ષમતાઓનો વિકાસ કયા સ્તર સુધી પહોંચવો જોઈએ ?

- કયા સ્તર સુધી પહોંચ્યા છે?
- ક્યાં કચાશ રહી ગઈ છે?
- કોની ક્યાં ક્ષતિ કે ચૂક રહી ગઈ હતી ? તે શોધવામાં આવે , તે અંગે માર્ગદર્શન લેવાય અને અપાય.
- સાધનોનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરે.
- વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સહાય પૂરા પાડે.
- હાજરી–ગેરહાજરી અંગે વિચારે .
- સહકાર્યકરોની સાથે સલાહ–ચર્ચા કરે.
- આચાર્યનો સહયોગ સાધે.
- વિદ્યાર્થીઓ પણ અપેક્ષિત અનિવાર્ય એટલી ક્ષમતાના સ્તર સુધી સિધ્ધી કેમ ન હાંસલ કરી શક્યાતે અંગે મનોમંથન અને ચિંતન કરે.
- પુનઃ અનુકૂળતા પ્રમાણે રસ પડે તેવી રીતે એકમનું પુનઃ શિક્ષણ કાર્ય કરે, તારણ ઉપર આવે અને મૂલ્યાંકન કરે.
- પ્રાપ્તાંકો કે સિધ્ધિઓનું વર્ગીકરણ કરી, સમીક્ષા કરીને ચોક્કસ તારણ પર આવે .

આમ આ ઉપયોગી પ્રક્રિયા સફળતા પૂર્વક પૂર્ણ થાય

**રચનાત્મક મૂલ્યાંકનમાં આચાર્યની ભૂમિકા**

- શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની વિભાવના આચાર્ય પક્ષે બહુજ સ્પષ્ટ હોવી જરૂરી છે. આ પ્રોજેક્ટની સફળતાનો આધાર આચાર્ય પર સવિશેષ છે.
- આ મૂલ્યાંકન તટસ્થ , ન્યાયી અને પારદર્શક બને તે જોવાની ફરજ આચાર્યની છે.
- શિક્ષકના પ્રત્યેક રચનાત્મક મૂલ્યાંકના અંતે તૈયાર કરેલ અહેવાલના આધારે જરૂરી અનુકાર્ય માટે મદદ રૂપ થવું
- જરૂર જણાય ત્યાં આવતી સમસ્યાઓને દૂર કરવા ક્રિયાત્મક સંશોધન હાથ ધરવું .
- વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોની સંયુક્ત સભામાં કચાશના કારણોની મુક્ત મને ચર્ચા કરવી અને સૂચનો તથા ફરિયાદોને આવકારીને તેના પર હકારાત્મક દિશામાં વિચારવું.
- આયોજન પૂર્વકની દેખરેખ રાખવી .

- જરૂર જણાય ત્યાં શિક્ષકોને તેમના વિષયને અનુરૂપ માર્ગદર્શન આપવું અને પ્રોત્સાહન પૂરું પાડવું.
- નૂતન પધ્ધતિ અને પ્રવિધિઓનો ઉપયોગ કરનાર શિક્ષકને પ્રોત્સાહિત કરવા.
- રચનાત્મક મૂલ્યાંકન તથા સત્રાંત મૂલ્યાંકનના વિષયવાર, વર્ગવાર, સત્રવાર આધાર પુરાવાઓ મેળવવા , સાચવવા અને તેની જાળવણી કરવી .
- શિક્ષકોને ટેકનિકલ સહાય પૂરી પાડવી અને સાધન સુવિધા ઉપલબ્ધ કરાવવા.
- શિક્ષણના તમામ ધ્રુવો વચ્ચે સંકલન સાધી , કડીરૂપ ભૂમિકા અદા કરવી .

**સત્રાંત મૂલ્યાંકન**

- સત્રાંત મૂલ્યાંકન એ દરેક સત્રના અંતે કરવામાં આવતું મૂલ્યાંકન છે.
- આ પ્રકારના મૂલ્યાંકનમાં નિર્ધારિત પાઠ્યક્રમનો ઉપયોગ કરી ઔપચારિક રીતે બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- આ પ્રક્રિયામાં સત્રને અંતે બાળકોને તેમના વિષયવસ્તુમાં તેમજ વ્યક્તિત્વ વિકાસમાં કેટલે અંશે વિકાસ સાધ્યો છે તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- આ પ્રકારના મૂલ્યાંકનમાં ગોખણપટ્ટીને બદલે સમજશક્તિ, તર્કશક્તિ, વિશ્લેષણાત્મક શક્તિ, સર્જનાત્મકતા વગેરે બાબતો ચકાસી શકાય તે પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરાય છે.
- સામાન્ય રીતે સત્રાંત મૂલ્યાંકનમાં હેતુલક્ષી પ્રશ્નો , ટૂંકજવાબી પ્રશ્નો તેમજ વર્ણનાત્મક પ્રશ્નોનો ઉપયોગ કરી પ્રશ્નપત્રની રચના કરવામાં આવે છે.

**સ્વ–અધ્યયન કાર્યનું મૂલ્યાંકન**

વિદ્યાર્થીઓની સમજશક્તિ, તર્કશક્તિ, વિચારશક્તિ વગેરેને વિકસાવે અને તેના આધારે વિષયવસ્તુ દ્દઢીકરણ થાય તે પ્રકારનું આયોજનબધ્ધ રીતે સમાયેલું કાર્ય એટલે સ્વ–અધ્યન કાર્ય.

આ પ્રકારના સ્વ–અધ્યયન કાર્યને કારણે વિદ્યાર્થીઓને બિનજરૂરી સમજણ વગરનું કંટાળાજનક તેમજ ગોખણપટ્ટી આધારિત અધ્યયન કાર્યથી મુક્ત રાખી શકાય છે અને તેને કારણે તેમનો માનસીક તણાવ પણ ઘટે છે.

સ્વ–અધ્યયનના કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા વર્ગખંડમાં અથવા વર્ગખંડ બહાર થઈ શકે છે.

સ્વ–અધ્યયન કાર્યના આધારે વિદ્યાર્થીએ સિધ્ધ કરેલ અધ્યયન ઉપલબ્ધીઓનું મૂલ્યાંકન થઈ શકે છે.

**સહ–શૈક્ષણિક મૂલ્યાંકન**

સહ–શૈક્ષણિક મૂલ્યાંકન માટે સહ–શૈક્ષણિક મૂલ્યાંકન ક્ષેત્રોનું શિક્ષણ આવશ્યક છે . સહ–શૈક્ષણિક મૂલ્યાંકન ક્ષેત્ર માં મુખ્યત્વે બે પ્રકાર છે. જેમાં,

૧. સહ–શૈક્ષણિક મૂલ્યાંકન પ્રવૃતિઓ અને

૨. વ્યક્તિત્વ વિકાસના આવશ્યક ગુણો.

(૧) અંહી સહ–શૈક્ષણિક મૂલ્યાંકન પ્રવૃતિઓને બે ભાગમાં વહેંચવામાં આવી છે.

વિભાગ–A:– જેમાં શારીરિક સૌષ્ઠવ અને સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી પ્રવૃતિઓ જેવીકે વ્યક્તિગત રમત અને સાંઘિત રમત. NCC, NSS, સ્કાઉટ અને ગાઈડ, સ્વિમિંગ, એથ્લેટિક્સ, જિમ્નેસ્ટીક, યોગ, ફ્સ્ટ એઈડ , બાગાયત, શ્રમદાન વગેરે છે.

વિભાગ–B:– જેમાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃતિઓ , સાહિત્યિક અને સર્જનાત્મક કૌશલ્યો વિકસે તેવી પ્રવૃતિઓ, વૈજ્ઞાનિક કૌશલ્યો વિકસે તેવી પ્રવૃતિઓ, કલાક્ષેત્રે વિદ્યાર્થીઓનું પ્રદાન , પર્યાવરણ જાગૃતિ , આરોગ્ય જાગૃતિ, સામાજિક સેવા પ્રવૃતિ, જન–જાગૃતિ અંગેની વિવિધ ક્લબોમા સક્રિયતા વગેરે છે.

(૨) વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસ અને સર્વાંગી વિકાસ માટે અતિ મહત્વના એવા ગુણો જેવા કે જીવન કૌશલ્યો,મૂલ્યો અને વલણોનો સાચી દિશામાં વિકાસ થાય તે માટે શાળા કક્ષાએજ શિક્ષણ પૂરું પાડવું જોઈએ. શાળામાં હકારાત્મક વાતાવરણ ઉભુ કરી વિવિધ કૌશલ્યો, મૂલ્યો અને વલણોનો વિકાસ થાય તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી આવા ગુણોનું યથાર્થ મૂલ્યાંકન કરતાં રહેવું જોઈએ.

શિક્ષણકાર્ય દરમિયાન અભ્યાસક્રમના એકમના વિષયવસ્તુમાં જે કોઈ જગ્યાએ જીવન કૌશલ્યો, મૂલ્યો અને વલણોની વાત આવતી હોય ત્યાં તેને વાસ્તવિક જીવન સાથે જોડીને આ ક્ષેત્રોનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવા પ્રયત્ન કરવો જોઈએ.

આમ શૈક્ષણિક અને સહ–શૈક્ષણિક પ્રવૃતિઓ દરમિયાન શાળાની અંદર કે શાળાની બહાર જ્યાં તક મળે ત્યાં વલણો, મૂલ્યો અને જીવન કૌશલ્યોનો વિકાસ થાય તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ.

**ઉપસંહાર**

"સર્વાંગી શિક્ષણ વિના સર્વાંગી મૂલ્યાંકન શક્ય નથી." આ ઉક્તિને સાર્થક કરવા માટે વિદ્યાર્થીનું સર્વાંગી મૂલ્યાંકન કરતાં પહેલા તે માટે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવે તે પ્રકારનું શિક્ષણ વર્ગખંડમાં પૂરું પાડવામાં આવે તે ખૂબ મહત્વનુ છે.આ પધ્ધતિ વિદ્યાર્થીના પરિક્ષાલક્ષી શિક્ષણને બદલે શિક્ષણલક્ષી મૂલ્યાંકન પર ભાર મૂકે છે. શિક્ષણના દરેક પાસાનું મૂલ્યાંકન યોગ્ય રીતે થાય તે ખૂબ જરૂરી છે. તે માટે સરકારે અમલમાં મુકેલ " શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન" નવવિચાર ખૂબ જ મદદરૂપ થઈ શકે તેમ છે.

**સંદર્ભસૂચી:–**

રાઠોડ ઉમેદસિંહ એન. (૨૦૧૧). શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન, ગાંધીનગર,: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પ્ર.નં.–૧.

પટેલ બી.કે. (૨૦૧૨) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન, ગાંધીનગર,: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

Benjamin (2013), Students Attitude towords continuos and comprehensive evaluation of upper Primary school.

પટેલ રશ્મિકાંત એમ.(૨૦૧૫) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન પધ્ધતિ અમલીકરણનો અભ્યાસ.